


# એક્ટર કરતાં પ્રોડ્યુસરનું કામ મુશ્કેલ છે

# રાજ કુમાર રાવ

**‘સ્ત્રી’,** ‘હીટ:ધ ફર્સ્ટ કેસ’ અને ‘શ્રીકાંત’ જેવી ફિલ્મમાં દમદાર ભૂમિકા ભજવીને રાજકુમાર રાવે પોતાનો અલગ ચાહક વર્ગ ઊભો કર્યો છે. તો વળી, ‘માલિક’ ફિલ્મમાં એક મોટા એક્શન હીરો તરીકે કામ કર્યા બાદ રાજ કુમાર રાવ ‘ટોસ્ટર’ ફિલ્મથી પ્રોડ્યુસર બની ગયો છે. બરેલી કી બરફી, ભૂલચૂક માફ અને વીકી વિદ્યા કા વો વાલા વિડિયો જેવી ફિલ્મોમાં એક મિડલ કલાસ મેનની ભૂમિકા ભજવનાર રાજ કુમાર રાવ અહીં તેની નવી ફિલ્મ વિષે, તેની પત્ની અને પુત્રી વિષે વાત કરે છે. એક પ્રોડ્યુસર તરીકે તેની કેટલી જવાબદારી વધી તે અહીં રાજ કુમાર આપણી સાથે વાત કરે છે. દીકરીના જન્મ પછી તેના અને તેની પત્નીના જીવન શું પરિવર્તન આવ્યું તેના વિષે મન ખોલીને વાત કરે છે.

**તારી નવી ફિલ્મ વિષે કઈ વાત કર.**

‘ટોસ્ટર’ એક કોમેડી ફિલ્મ છે જેમાં તે એક મધ્યમવર્ગીય કંજૂસ વ્યક્તિને ભૂમિકા કરી રહ્યો છે. તે પોતાના ખર્ચાઓના હિસાબ રાખવામાં એટલો ઝનૂની છે કે તે લગ્ન તૂટી ગયેલા યુગલને લગ્નની ભેટ તરીકે આપેલા ટોસ્ટર પાછું લેવા માટે દોડા દોડ કરે છે. આ ડાર્ક કોમેડી ફિલ્મનું દિગ્દર્શન વિવેક દાસચૌધરી દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં સાન્યા મલ્હોત્રા, અભિષેક બેનર્જી, અર્ચના પુરણ સિંહ, ફરાહ ખાન, જીતેન્દ્ર જોશી અને ઉપેન્દ્ર લીમયે મુખ્ય ભૂમિકામાં છે.

શો-શા

**આ ફિલ્મમાં એવું તે શું હતું કે તે અને તારી પત્નીએ પ્રોડ્યુસ બનવાનું વિચાર્યુ?**

અમે ૨૦૧૭-૧૮ થી ફિલ્મ પ્રોડ્યુસ કરવા માંગતા હતા. અમે બંનેએ ઘણો સમય એક્ટર્સ તરીકે કામ કર્યું છે અને અમે જાણીએ છીએ કે ફિલ્મ પ્રોડ્યુસ કરવી એ સમય માંગી લે તેવું કામ છે. અગાઉ તે સફળ થયું નહીં, તેથી અમે કેટલાક વર્ષો પછી ફરીથી શરૂઆત કરી અને અમારા બેનર માટે ‘કમ્પા ફિલ્મ્સ’ નામ રાખ્યું, જે અમારી માતાઓના નામનું સંયોજન છે.

**પ્રોડ્યુસર બનવાથી ફિલ્મના સેટ પર એક એક્ટર તરીકે તારા પોઇન્ટ ઓફ વ્યૂમાં શું ચેન્જ થયું?**

પ્રોડ્યુસર બનવું એક મુશ્કેલ કામ છે, એક્ટર બનવું સરળ છે. એક એક્ટર તરીકે તમે સેટ પર આવો છો, તમારું કામ કરો છો, તમારા પૈસા લો છો અને ચાલ્યા જાઓ છો. કોઈ વધારાનો તણાવ હોતો નથી. પરંતુ, પ્રોડ્યુસર બનવું એ ૨૪/૭ નું કામ છે, જ્યાં તમે વાર્તા શરૂ થાય ત્યાંથી લઈને તે રીલીઝ થાય ત્યાં સુધી હાજર રહો છો.

**કોમેડી ફિલ્મ કરતા આ ફિલ્મમાં તારું પાત્ર કઈ રીતે અલગ છે?**

મેં કરેલી અગાઉની દરેક ફિલ્મની સ્ટોરી અને પરિસ્થિતિ તદ્દન અલગ હતી. મારી એક્ટિંગની કોઈ ટેકનીક નથી, હું ફક્ત વર્તમાન ક્ષણમાં હાજર રહું છું. બસ, એટલું જ છે. આ સિવાય, હું પાત્રોમાં કઈ નવું શોધું છું, જેમકે લૂડોમાં હું મિથુન ચક્રવર્તીનો ચાહક બન્યો હતો, પરંતુ, તમે દરેક ફિલ્મમાં તે કરી શકતા નથી, તે વિચિત્ર લાગે છે. હા, જો સ્ક્રિપ્ટમાં એવી તક હોય તો હું તે ચોક્કસ કરીશ. હું એવી વ્યક્તિ તરીકે ઓળખાવા નથી માંગતો તે જે તેની દરેક ફિલ્મમાં કઈ ‘એક્સ્ટ્રા’ કરતો હોય.

**દીકરીના જન્મ પછી તારી પત્ની પત્રલેખામાં તને શું ચેન્જ દેખાય છે?**

અમે બંને એ એકબીજાની સફર નજીકથી જોઈ છે. પરંતુ, પત્રલેખામાં જે ચેન્જ આવ્યું છે તે ઘણું મોટું છે. જ્યારે હું તેને બાળકના જન્મ પછી પહેલીવાર મળ્યો ત્યારે મને લાગ્યું કે તે એક આત્મનિર્ભર સ્ત્રીમાંથી એક સંવેદનશીલ, ભીરુ અને નાજૂક બની ગઈ છે. માતૃત્વ તમારી પ્રાથમિકતા બદલે છે અને એટલે જ આ ચેન્જ આવવું જરૂરી પણ છે. દરેક માટે મા એક સ્પેશિયલ વ્યક્તિ હોય છે. પત્રલેખામાં આવેલું ચેન્જ હું દરરોજ જોવ છું. તે પ્રોડ્યુસર, એક્ટર અને પછી માતા તરીકે ફરજ બજાવવા માટે તત્પર રહે છે

**પિતા બન્યા પછી તારા દ્રષ્ટિકોણ અને પ્રાથમિકતાઓમાં કેવું પરિવર્તન આવ્યું છે?**

જ્યારે પણ કોઈ મારી સામે મારી દીકરી પાર્વતીનું નામ લે કે તેના વિષે વાત કરે ત્યારે મારા ચહેરા પર મોટું સ્મિત આવી જાય છે. જયારે મારા કો-એક્ટરે મને મારા બાળકનું નામ પૂછ્યું અને મેં ‘પાર્વતી’ કહ્યું ત્યારે તેણે મને જણાવ્યું કે નામ બોલતા જ મારું સ્મિત કેટલું ચમકી ગયું. હવે, બધું બદલાઈ ગયું છે. તે મારા કામ કરવાની પ્રેરણા બની ગઈ છે, મારી દિકરીને મારી ફિલ્મ્સ કેવી લાગશે, તે મોટી થશે ત્યારે તે કેવા પ્રકારની ફિલ્મ્સ જોવાની પસંદ કરશે એ બધાનો હું વિચાર કરીને ફિલ્મ કરી રહ્યો છું. તેને જે કરવું હોય તે કરવા માટે હું તેને સ્વતંત્રતા આપવા માંગું છું.

**સંભાળવામાં આવ્યું છે કે તે દીકરીના જન્મ પછી બ્રેક લીધો હતો?**

હા, મારી દીકરીના જન્મ પછી ૫ મહિનાનો બ્રેક લીધો હતો. ત્યારબાદ, મારે બીજી ફિલ્મના શુટિંગ માટે જવું પડ્યું હતું અને તે ખુબ મુશ્કેલ હતું કારણ કે હું તેની સાથે ૨૪/૭ રહેવા માંગતો હતો. મેં હવે પહેલા કરતા ઓછું કામ કરવાનું નક્કી કર્યું છે. વર્ષમાં ફક્ત બે ફિલ્મો કરવાની અને યોગ્ય રીતે વિચારીને ફિલ્મ પસંદ કરવાનું નક્કી કર્યું છે. હું મારી જાતને આગળ વધારવા માંગું છું અને હવે મારી માતા, પત્રલેખા અને પાર્વતીને સમય આપવા માંગું છું, તેમને ગર્વ થાય તેવું કરવા માંગું છું. •

> **હું એવી વ્યક્તિ તરીકે ઓળખાવા નથી માંગતો તે જે તેની દરેક ફિલ્મમાં કઈ ‘એક્સ્ટ્રા’ કરતો હોય**

# સ્ટેજ પર ભૂલથી પડી જાય તો શું કરે રાઘવ જુયાલ?

RAPID FIRE



- **ડાન્સિંગ, એક્ટિંગ કે હોસ્ટિંગ - દિલની સૌથી નજીક શું?**
  ડાન્સિંગ,
- **‘સ્લો મોશન’ સિવાય તારી બીજી કોઈ સુપરપાવર?**
  ગંભીર માહોલમાં હસાવી દેવાની શક્તિ.
- **દેહરાદૂનનાં પહાડો કે મુંબઈનો ગ્લેમર?**
  દેહરાદૂનનાં પહાડો.
- **સ્ટેજ પર ભૂલથી પડી જાય તો શું કરે?**
  ‘ડાન્સ સ્ટેપ’ બનાવી દઉં!
- **શક્તિ મોહન સાથે તારું બોન્ડિંગ એક શબ્દમાં?**
  ‘પ્યોર પાગલપન’.
- **સૌથી અઘરો ડાન્સ ફોર્મ કયો?**
  ક્લાસિકલ ડાન્સ.
- **રેમો ડિસોઝા તારા માટે શું છે?**
  ગોડફાધર અને મેન્ટર.
- **સોશિયલ મીડિયા પર સૌથી વધુ શું જોવું ગમે છે?**
  કૂકિંગ શો.
- **ડાન્સ પ્લસના સ્ટેજ પરની સૌથી યાદગાર મોમેન્ટ?**
  પપ્પાએ સ્ટેજ પર આવીને ગળે લગાવ્યો તે.
- **તારે કોઈની પર બાયોપિક કરવી હોય તો કોણ હોય?**
  જેણે શૂન્યમાંથી સર્જન કર્યું હોય.
- **તારા ડાન્સ સ્ટેપ્સના નામ કોણ વિચારે છે?**
  હું પોતે જ.
- **તારી બેગમાં હંમેશા હોય એવી એક વસ્તુ?**
  હેડફોન્સ.
- **મિથુન દાના ‘ક્યા બાત, ક્યા બાત’ સાંભળીને કેવું લાગે?**
  ઓસ્કર એવોર્ડ મળી ગયો હોય!
- **ટ્રોલ કરનારા લોકોને શું કહેવા માંગે?**
  ભાઈ, થોડું હસી લો, જિંદગી બહુ ટૂંકી છે! •

# બહેરૂપિયો એ આપી નવી ઓળખ : જયેશ મોરે

અત્યારે ગુજરાતી સિનેમા જ્યારે તેના સુવર્ણકાળ તરફ ગતિ કરી રહ્યું છે, ત્યારે એક એવા એક્ટર છે જેનું નામ પડતા જ પ્રેક્ષકોના મનમાં ‘ગુણવત્તા’ અને ‘વૈવિધ્ય’ની છાપ પડે છે. એ નામ છે જયેશ મોરે. જયેશ મોરે ફરી એકવાર ચર્ચામાં છે અને આ વખતે કારણ છે તેમની એક્સાઈટ કરતી નવી ફિલ્મ ‘બહેરૂપિયો’ માટે. કોણ છે આ બહેરૂપિયો? જ્યારે આપણે ‘બહેરૂપિયો’ શબ્દ સાંભળીએ છીએ ત્યારે મનમાં અનેક ચહેરાઓ અને વેશપલટાની છબી અંકાય છે. ‘બહેરૂપિયો’ શબ્દને માત્ર મનોરંજનના પાત્ર તરીકે નહીં, પણ એક ડરામણા અને રહસ્યમય સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે. જયેશ મોરેની આ નવી ફિલ્મ પણ કંઈક આવા જ રહસ્ય અને રોમાંચથી ભરપૂર છે. ફિલ્મમાં જયેશ એક એવા પાત્રમાં છે જે અનેક રૂપ ધારણ કરે છે, પણ શું એ માત્ર વેશપલટો છે? કે પછી મનોવૈજ્ઞાનિક રમત? આ પ્રશ્ન પ્રેક્ષકોને સિનેમાઘરો સુધી ખેંચી લાવવા માટે પૂરતો છે. ડાયરેક્ટર રાજા સંજય ચોક્સી સાથે કામ કરીને જયેશ પોતાની એક્ટિંગ સ્કિલને નિખારી છે. જયેશ આ ફિલ્મમાં પોતાના એક્ટિંગના એવા પાસાઓ ખોલ્યા છે જે અગાઉ ક્યારેય જોવા મળ્યા નથી. છેલ્લે ‘હેલ્લારો’માં નગારું વગાડતો એ શખ્સ હોય કે ‘ઓમ મંગલમ સિંગલમ’નો કૂલ પિતા, જયેશ મોરેએ સાબિત કર્યું છે કે તે કોઈપણ બીબામાં કેદ થઈ શકે તેમ નથી. ‘બહેરૂપિયો’ તેમના માટે એક માઈલસ્ટોન સાબિત થઈ શકે છે કારણ કે: એક જ ફિલ્મમાં અનેક ગેટઅપ અને અલગ-અલગ બોલી પરની પકડ. ‘બહેરૂપિયો’ જેવી



ફિલ્મોમાં ટેકનિકલ બાબતો હોય કે પ્રોડક્શન વેલ્યુ, આપણે બોલિવૂડની સમકક્ષ ઊભા છીએ. જયેશ મોરે આ ફિલ્મ વિશે વાત કરતા જણાવે છે કે, આ રોલ મારા માટે શારીરિક અને માનસિક રીતે પડકારજનક હતો. દરરોજ નવા રૂપમાં તૈયાર થવું અને એ પાત્રની માનસિકતાને પકડવી એ એક તપસ્યા સમાન હતું. જો તમે જયેશ મોરેના ફેન છો, તો આ ફિલ્મ તમારા માટે મિજબાની છે અને જો તમે ગુજરાતી સિનેમામાં કંઈક નવું અને ‘હટકે’ જોવા માંગો છો, તો ‘બહેરૂપિયો’ તમારી લિસ્ટમાં ટોચ પર હોવી જોઈએ. પડદા પર જ્યારે આ ‘બહેરૂપિયો’ રમત રમશે, ત્યારે પ્રેક્ષકો માટે પોતાની ખુરશી સાથે જકડાઈ રહેવું અનિવાર્ય બની જશે. તૈયાર થઈ જાઓ, કારણ કે જયેશ મોરેનો અસલી ચહેરો ઓળખવો આ વખતે સહેલો નથી! •

એક્ટર્સ લાઈફ

> **જયેશ મોરે આ ફિલ્મ વિશે વાત કરતા જણાવે છે કે, આ રોલ મારા માટે શારીરિક અને માનસિક રીતે પડકારજનક હતો. દરરોજ નવા રૂપમાં તૈયાર થવું અને એ પાત્રની માનસિકતાને પકડવી એ એક તપસ્યા સમાન હતું**